ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૬.૧૦.૨૦૧૭

**૧૪ ઓક્ટોબરે મહિલા ટાઉનહોલ**

---------------------------

**કેન્દ્રીય વિદેશ મંત્રીશ્રી સુષ્મા સ્વરાજ મહિલાઓ સાથે કરશે સંવાદ**

---------------------------

**રાજ્યમાં એક લાખ મહિલાઓ સાથે માનનીય શ્રીમતી સુષ્મા સ્વરાજ જોડાશે**

---------------------------

**આ કાર્યક્રમ ૧૪મી ઓક્ટોબર, શનિવારના રોજ બપોરે ૨.૦૦ વાગ્યા થી શરુ થશે. સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ ટીવી તથા ફેસબુક લાઇવ દ્વારા કરવામાં આવશે**

---------------------------

**મોબાઈલ – વોટ્સઅપ – ફેસબુક – ટ્વીટર – વેબસાઈટના માધ્યમથી અરસ-પરસ સંવાદ અને સંપર્ક**

---------------------------

**ગુજરાતની વિકાસ યાત્રા રાષ્ટ્રના ગૌરવનો વિષય છે મજાકનો નહી - કાયદા પ્રધાનશ્રી રવિશંકર પ્રસાદ**

---------------------------

કેન્દ્ર સરકારના કાયદા અને આઇ.ટી. વિભાગના મંત્રીશ્રી રવિશંકર પ્રસાદે આજે ગુજરાત ભાજપા કાર્યાલય ''શ્રી કમલમ્'' ખાતે પત્રકાર પરિષદને સંબોધી હતી અને ગુજરાત મહિલા મોરચા દ્વારા આયોજીત ''મહિલા ટાઉનહોલ'' કાર્યક્રમ અંગે માહિતી આપી હતી.

શ્રી રવિશંકર પ્રસાદે જણાવ્યું હતું કે, ગુજરાતના વિકાસની ગાથા જાણીતી છે. સ્ત્રી સશક્તિકરણનું કામ મહત્વનું છે. ગુજરાતમાં ડેરી, ઉદ્યોગ, સહકારીક્ષેત્રે મહિલાઓનું મોટુ પ્રદાન છે. ગુજરાતમાં જેન્ડર બજેટ દ્વારા મહિલાઓના વિકાસ માટે મોટી રકમની ફાળવણી એ મહત્વનું કદમ છે. આઇ.ટી.ક્ષેત્રે મહિલાઓનું યોગદાન મહત્વનું રહ્યું છે.

શ્રી નરેન્દ્રભાઇ મોદી દેશના પ્રધાનમંત્રી બન્યા છે ત્યારે, નારી ન્યાય અને નારી સમાનતાને મહત્વ આપવામાં આવ્યું છે. 'બેટી બચાવો બેટી પઢાવો' તથા 'સુકન્યા સમૃધ્ધિ યોજના' સહિત મહિલાઓના કલ્યાણ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ હરિયાણામાં પ્રવચન કરતાં એકવાર કહ્યું હતું કે, ''બેટી નહી બચાવો તો વહુ ક્યાંથી લાવશો ?''

રોજગારી બાબતે શ્રી રવિશંકર પ્રસાદે જણાવ્યું હતુ કે, આઇ.ટી. ક્ષેત્રમાં એક કરોડ ત્રીસ લાખ લોકો આ ક્ષેત્રે કામ કરે છે જે પૈકી બે લાખ એંસી હજાર મહિલાઓ કામ કરે છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને પંચાયતોમાં ૫૦ ટકા મહિલા અનામત બેઠકોનો ગુજરાતની સરકારે અમલ કર્યો છે. રોજગારી મુદ્દે પૂછાયેલા એક પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રી રવિશંકર પ્રસાદે જણાવ્યું હતુ કે, હિન્દુસ્તાનમાં ૧ હજાર કરતાં પણ વધુ મોબાઇલની ફેક્ટરીઓ આવેલ છે જેમાં રોજગારી ઉભી થઇ છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ અમલી કરેલી મુદ્રા યોજનાના પગલે નવ કરોડ લોકોને ૪૧૧ લાખ કરોડ રૂપિયાની લોન મળી છે. જેમાંથી ૨૧૧ કરોડ લોકોએ પોતાની સ્વરોજગારી ઉભી કરી છે.

રાહુલ ગાંધીએ અર્થ વ્યવસ્થા અંગે કરેલ વિધાન અંગે શ્રી પ્રસાદે જણાવ્યું હતુ કે, રાહુલ ગાંધી પોતાના પક્ષના શાસનના દસ વર્ષને યાદ કરે. અર્થશાસ્ત્રી એવા પૂર્વ વડાપ્રધાનશ્રી મનમોહનસિંહનું શાસન અનેક કૌભાંડોનું શાસન રહ્યું છે તે સૌ જાણે છે.

શ્રી પ્રસાદે વધુમાં જણાવ્યું હતુ કે, ચૂંટણીના સમયમાં ''યુવા ટાઉનહોલ'' અને યુવા મહિલા ટાઉનહોલનો નવો વિચાર ગુજરાતમાં લાવ્યા છે. સમાજના વિવિધ વર્ગો સાથે સંવાદ કરવાનો પ્રયાસ છે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે યુવા ટાઉન હોલ કાર્યક્રમ દ્વારા ગુજરાતના ૧ લાખ ૮૦ હજાર યુવાનો સાથે સંવાદ કર્યો હતો. તેવી જ રીતે ગુજરાતની મહિલાઓ સાથે વિદેશ મંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજ સંવાદ કરશે. રાજકીય શબ્દાવલીમાં નવો શબ્દ ''અડિખમ ગુજરાત'' એ ગુજરાતની રાષ્ટ્રને ભેટ છે.

ગુજરાતનો વિકાસ એ રાષ્ટ્રનું ગૌરવ છે, જે લોકો મજાક કરે છે તેના પર દયા આવે છે. ગુજરાતનો પ્રામાણિક વિકાસ જોતા એ લોકોએ હલકી વાત ન કરવી જોઇએ. અડિખમ ગુજરાત અને મહિલા ટાઉનહોલ દ્વારા એક લાખ બહેનો સાથે સંવાદ કરવામાં આવશે. ગુજરાત સરકારે નોકરીમાં ૩૩ ટકા મહિલા અનામત અમલી કરી છે.

પૂર્વ નાણામંત્રી શ્રી યશવંત સિન્હાએ વડાપ્રધાનશ્રીની કરેલી ટીકા અંગે જણાવ્યું હતુ કે, રાષ્ટ્રભક્ત અને વિશ્વમાં ભારતનું નામ રોશન કરનાર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી માટે અયોગ્ય અને અવ્યવહારિક શબ્દોનો ઉપયોગ કર્યો છે તેની હું નિંદા કરું છું. યશવંત સિન્હાને ભાજપાએ વિદેશમંત્રી, નાણામંત્રી જેવા પદ આપ્યા છે. રાજ્યસભામાં નિયુક્ત કર્યા હતા આવા લોકો આવા શબ્દોનો ઉપયોગ કરે છે જે ધિક્કારજનક છે.

ગુજરાત ભાજપાના મહિલા મોરચાના પ્રમુખશ્રી જ્યોતિબેન પંડ્યાએ માહિતી આપતા જણાવ્યું હતુ કે, ૧૪ ઓક્ટોબરે બપોરે ૨.૦૦ કલાકે અમદાવાદના યુનીવર્સીટી કન્વેન્શન હોલ ખાતે વિદેશ મંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજ મહિલાઓ સાથે સંવાદ કરશે. આજની પત્રકાર પરિષદમાં મહિલા મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રીમતી કૌશલ્યાકુંવરબા, પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડ્યા, મીડીયા ઇન્ચાર્જશ્રી ડૉ. હર્ષદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

...૨...

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




**અડીખમ ગુજરાત – મહિલા ટાઉનહોલ વિવરણ**

'અડીખમ ગુજરાત'ની યાત્રામાં રાજ્યની મહિલાઓની ભૂમિકા અંત્યત મહત્વપૂર્ણ છે. તેટલું જ નહી ગુજરાતના વિકાસમાં મહિલાઓનુ યોગદાન અભૂતપૂર્વ રહ્યું છે અને હમેશા પ્રેરણાદાયી રહ્યું છે.

ભાજપ મહિલાઓની સુરક્ષા, સન્માન અને વિકાસ માટે અવિરત પ્રયાસરત છે મહિલાઓના વિકાસ માટે ભાજપે ઉજ્વલા યોજના ના માધ્યમથી રાજ્યની સાત લાખ થી વધુ ગરીબ માતાઓ અને બહેનોને એલ.પી.જી નું કનેક્શન આપ્યું, ચિરંજીવી યોજના,ઈ-મમતા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજનાથી મહિલાઓનું સ્વાથ્યને વધુ સારું બનાવવા અને બેટી બચાઓ બેટી પઢાઓ, વિદ્યા લક્ષ્મી બોન્ડ જેવી યોજનાઓથી કન્યાઓના શિક્ષણને પ્રોત્સાહન અપાયું. એટલું જ નહિ, મહિલા સશક્તિકરણ હેતુ નારી અદાલત બનાવાઈ અને સુરક્ષાના હેતુથી મહિલાઓ માટે સ્વસુરક્ષાનું પ્રશિક્ષણ પણ આપવામાં આવ્યું. તદુપરાંત મહિલાઓની સુરક્ષામાટે વુમન હેલ્પલાઇન નંબર ૧૮૧ શરુ કરાયો. મહિલા ભાગીદારી અને અનેકવિધ સંપૂર્ણ તથા સર્વાંગી વિકાસને માટે આ નિશ્ચયને આગળ લઈને અમે "અડીખમ ગુજરાત મહિલા ટાઉન હોલ" યોજી રહ્યા છીએ. જેમાં રાજ્યભરની મહિલાઓ જોડાઈને ગુજરાતના ભવિષ્યને લગતા તેમના પ્રશ્નો પૂછશે તેમજ ગુજરાતની આવતીકાલ ને વધુ ઉજ્જવળ બનાવવા તેમના મંતવ્યો પણ આપશે.

**ભાજપના શાસનમાં ગુજરાત અગ્રણી બન્યું.**

ગુજરાતમાં ભાજપના ૨૨ વર્ષના શાસનમાં ગુજરાતે અભૂતપૂર્વ વિકાસ અને સમૃદ્ધિ મેળવી છે અને ગુજરાતના લોકોના દ્રઢ નિશ્ચિય અને અટલ પ્રયાસોએ ગુજરાતને ઉન્નતિના પથ પર અટલ રાખ્યું છે. સરદાર સરોવર ડેમને લાવી દેશનો સાર્વજનિક કૃષિ વિકાસનો દર, આદિવાસી માટે વનબંધુ કલ્યાણ યોજના હોય કે ગરીબો માટે અંત્યોદય યોજના, મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નિર્ણયોએ માત્ર ગુજરાતમાં જ નહિ પરંતુ સમગ્ર દેશમાં "સૌનો સાથ સૌનો વિકાસ"ના સિદ્ધાંત ને સિદ્ધ કર્યો છે અને આ પરંપરાને જાળવી રાખવા ગુજરાતમાં "સેવા-સેતુ" અને "મા અમૃતમ" જેવી જનકલ્યાણકારી યોજનાની શરૂઆત કરી અને આ વખતે પણ ભાજપ નિશ્ચિત છે કે કેન્દ્ર સરકારના સમર્થનથી ગુજરાતની ઉદ્યમી વિકાસ યાત્રાને ન માત્ર ચાલુ રાખવી પરંતુ તેને નવા જોશની સાથે આગળ લઈ જવી.

**"અડીખમ ગુજરાત" વતી ગુજરાતની જનતાને પ્રણામ**

ગુજરાતની અડીખમ પ્રવૃત્તિઓ જ છે જે દેશનું નેતૃત્વ કરવામાં સક્ષમ છે. ભાજપનું 'અડીખમ ગુજરાત અભિયાન'એ રાજ્યની સવા છ કરોડ લોકોની આ કટિબદ્ધ પ્રવૃત્તિઓને પ્રણામ છે.

**પ્રથમ ચરણમાં યુવા ટાઉન હોલનું સફળ આયોજન**

ગુજરાતના લોકોની આ જીવંતતા અને ઉદ્યમિતાને પ્રણામ કરીને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે "અડીખમ ગુજરાત" ની શરૂઆત કરી જેના પ્રથમ ચરણમાં યુવા ટાઉન હોલનું આયોજન ન માત્ર સફળ રહ્યું પરંતુ અને બહોળો પ્રતિસાદ પણ સાંપડ્યો હતો.યુવા ટાઉન હોલ દ્વારા એક લાખ થી વધુ યુવાનો સાથે સીધા સપર્કમાં શ્રી અમિતભાઈ શાહ જોડાયા અને ગુજરાતના ભવિષ્યને ઉજ્વળ કરવા તથા યુવાઓની મહત્વાકાંક્ષાને સિદ્ધ કરવા તેમના પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા, તેમને માર્ગદર્શિત પણ કર્યા.

**શ્રીમતી સુષમા સ્વરાજજીનો મહિલાઓની સાથે સીધો સંવાદ**

કેન્દ્રીય વિદેશ મંત્રી માનનીય શ્રીમતી સુષ્મા સ્વરાજજી આ 'મહિલા ટાઉનહોલ' માં ગુજરાતની મહિલાઓ સાથે સીધો સંવાદ કરવા અમદાવાદ આવી રહ્યા છે. અમદાવાદમાં આ કાર્યક્રમ યોજાશે તથા રાજ્યના વિવિધ સ્થળોથી મહિલાઓ એમની સાથે પ્રત્યક્ષ રૂપે જોડાશે. શ્રીમતી સુષ્માજી એમની સાથે સીધો સંવાદ રચી એમના પ્રશ્નોને સંબોધશે અને તેમનું પ્રેરણાદાયી માર્ગદર્શન આપશે. મહિલાઓ આ વિવિધ માધ્યમો દ્વારા પોતાના પ્રશ્નો પૂછી શકે છે.

ક. ૭૮-૭૮-૧૮૨-૧૮૨ પર મિસ્ડકોલ કરી અથવા વોટ્સેપ કરીને.

ખ. ટ્વીટર તથા ફેસબુક પર **#AdikhamGujarat** હેશટેગ સાથે.

ગ. **www.adikhamgujarat.com** વેબસાઈટ પર જઈને.

આ કાર્યક્રમ ૧૪મી ઓકટોબર, શનિવારના રોજ બપોરે ૨.૦૦ વાગ્યાથી શરુ થશે. સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ ટીવી તથા ફેસબુક લાઇવ દ્વારા કરવામાં આવશે. જેથી ગુજરાત તેમ જ અન્ય રાજ્યોની મહિલાઓ પણ તેને નિહાળી શકે.

(ડૉ. હર્ષદ પટેલ)
**કન્વીનરશ્રી–મીડિયા સેલ**

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા.૬.૧૦.૨૦૧૭

**''ગુજરાત ગૌરવ યાત્રા'' 'કરમસદ' 'દિવસ-૬'**
**'હું છું વિકાસ , હું છું ગુજરાત'**

------------

**મધ્ય ગુજરાતમાં ગુજરાત ગૌરવ યાત્રાને મળી રહેલો અભૂતપૂર્વ પ્રતિસાદ અને પ્રજાના આશીર્વાદ**

------------

**વિશ્વના સાઉદી અરેબિયા, યમન, મસ્કદ, ઇરાક, ઇરાન, મુસ્લીમ રાષ્ટ્રોએ પણ શ્રી નરેન્દ્રભાઇ મોદીની આતંકવાદવિરોધી નીતિને સમર્થન આપ્યું છે,**
**વિકાસ મજાક છે તેવો સવાલ કરવાનો કોંગ્રેસને કોઇપણ અધિકાર નથી. – શ્રી રવીશંકર પ્રસાદ**

------------

**વિકાસ વિરોધી કોંગ્રેસને ભોંયભેગી કરવા રૂપાલાજીનું આહવાન્**

------------

પ્રદેશ મીડીયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલના નેતૃત્વમાં સરદાર સાહેબની જન્મભૂમિથી નીકળેલ ગુજરાત ગૌરવ યાત્રાનું ઠેર-ઠેર ૧૫૦ કમળના હારથી, પુષ્પોથી, ઢોલ-નગારા અને ત્રાંસાથી ભવ્ય સ્વાગત કરવામાં આવી રહ્યુ છે. મધ્ય ઝોનમાં નડીયાદ, મહેમદાવાદ, માતર, સોજીત્રા, પેટલાદ ખાતે જાહેરસભામાં ઉમટી પડેલા જનસમુદાયના મનમાં કમળ, વિકાસ, અને શ્રી નરેન્દ્રભાઇમાં રહેલો વિશ્વાસ દેખાઇ આવે છે.

કેન્દ્રીય મંત્રીશ્રી રવિશંકર પ્રસાદ, કેન્દ્રીય મંત્રીશ્રી પરષોત્તમ રૂપાલાજી, પૂર્વ ધારાસભ્યશ્રી નરેશ કનોડીયા, દંડકશ્રી પંકજ દેસાઇ તેમજ ધારાસભ્યશ્રીઓ આ વિકાસરથની યાત્રામાં જોડાયા હતા.

કેન્દ્રીય મંત્રીશ્રી રવિશંકર પ્રસાદે પ્રજાના અભૂતપૂર્વ સત્કાર અને સન્માન માટે નતમસ્તક થઇને આભાર પ્રગટ કર્યો હતો. શ્રી પ્રસાદે કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતુ કે, વિકાસ મજાક છે તેવો સવાલ કરવાનો કોંગ્રેસને કોઇપણ અધિકાર નથી. જે કોંગ્રેસના શાસનમાં ત્રણેય લોકમાં ગોટાળા થયા હોય જેના કોંગ્રેસના કેન્દ્રીય મંત્રી પવન બંસલના ભાણીયા પણ ૧૦ કરોડની લાંચ લેતા ઝડપાયા હોય તેવી ભ્રષ્ટાચારી કોંગ્રેસ સમગ્ર ગુજરાતની જનતાનું અપમાન કરે છે. તેની સરખામણીમાં કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીના ત્રણ વર્ષના શાસનમાં ભ્રષ્ટાચાર વિહિન સરકાર તરીકે ઉભરી આવી છે. સમગ્ર વિશ્વ શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં જોડાવા આતૂર છે. આતંદવાદી માટે કેન્દ્ર સરકારની નીતિરીતિને કારણે આતંકવાદીઓને સહયોગ કરતાં તમામના બેંક એકાઉન્ટ સીલ કરવામાં આવ્યા. આજે સમગ્ર વિશ્વના સાઉદી અરેબિયા, યમન, મસ્કદ, ઇરાક, ઇરાન, મુસ્લીમ રાષ્ટ્રોએ પણ શ્રી નરેન્દ્રભાઇ મોદીની આતંકવાદવિરોધી નીતિને સમર્થન આપ્યું છે.

કેન્દ્રીય મંત્રીશ્રી રવિશંકર પ્રસાદે વધુમાં જણાવ્યું હતું કે, ૧૩૦ કરોડની જનતામાંથી ૧૧૮ કરોડ લોકો પાસે મોબાઇલ, ૫૦ કરોડ પાસે ઇન્ટરનેટ અને ૩૦ કરોડ જનધન ખાતા છે તેના પરિણામે ડીઝીટલ ઇન્ડિયાના માધ્યમથી ગરીબનો પૈસો ગરીબના ખાતામાં સીધો પહોચ્યો છે. શ્રી રવીશંકરે કોંગ્રેસની તૃષ્ટીકરણની નીતિને તીનતલાકના મુદ્દામાં કોંગ્રેસની કેન્દ્ર સરકારે સુપ્રિમ કોર્ટમાં જવાબ કેમ ફાઇલ ન કર્યો ? તેનો જવાબ સમગ્ર દેશની જનતા જાણવા માંગે છે. તીન તલાક એ કોઇ ધર્મ, પુજા, પ્રાર્થના, ઇબાદત કે મંદિર-મસ્જિદનો નથી પણ નારી સન્માન, નારી શક્તિ અને નારી સશક્તિકરણનો છે.

કેન્દ્રીય મંત્રી કૃષિ મંત્રીશ્રી પરષોત્તમ રૂપાલાજીએ પોતાની આક્રમક શૈલીમાં જણાવ્યું હતુ કે, દુનિયાનો સૌથી મોટો લોકતાંત્રિક પક્ષ ભાજપા, સૌથી વધારે સાંસદસભ્યશ્રીઓ, સૌથી વધારે ધારાસભ્યશ્રીઓ, દેશનું સુકાન સંભાળતા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને કુશળ સંગઠનકર્તા શ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં થયેલા વિકાસના કાર્યોને પ્રજાના ચરણોમાં મૂકવાનો ભાજપાને અધિકાર છે, અભિમાન છે, કારણ કે આ ગુજરાતની અસ્મિતાની વાત છે.

કોંગ્રેસને આડેહાથ લેતા જણાવ્યું હતું કે, વિકાસની મજાક કરીને કોંગ્રેસ ગુજરાતની આવતી પેઢીની અને આવતી ઉજળી સવારની ક્રુર મશ્કરી કરે છે. ગુજરાતમાં કોંગ્રેસના શાસનમાં કોંગ્રેસે કરેલા કામો પર કોંગ્રેસીયો નજર નાખે તો, ભૂતકાળમાં ડંકી, હેન્ડપંપ અને ટેન્કરોનું શાસન હતું. જેની સરખામણીમાં ભાજપાના રાજમાં સુરેન્દ્રનગર પાસે ઢાકીમાં ૬૪ માળ સુધી પાણી ચઢી શકે તેવી અદ્યતન સુવિધાઓ સાથે કચ્છના રણ સુધી પાણી પહોચાડીને ''નેભાનું પાણી મોભે ચઢાવવાનું કપરું કામ ભાજપાના શાસનમાં થયુ છે'' તેનું ગૌરવ ભાજપાને છે. કોંગ્રેસના રાજમાં અમદાવાદથી રાજકોટ પાણી ટ્રેનો જતી હતી જ્યારે ભાજપાના શાસનમાં અમદાવાદથી દિલ્હી દૂધના કેન ભરેલી ટ્રેનો ગુજરાત મોકલે છે એનું ગુજરાતને ગૌરવ છે.

કોંગ્રેસ શાસિત રાજ્યો અને ગુજરાતની સરખામણી કરવામાં આવે તો, ગુજરાતમાં વિજળી ક્યારેય જતી નથી જ્યારે કોંગ્રેસ શાસિત રાજ્યોમાં વિજળી ક્યારેક જ આવે છે. આટલો તફાવત કોંગ્રેસ અને ભાજપામાં છે. ૧૦૮ જેવી દેવદૂત સમાન સેવા એ ભાજપાની દેન છે એનું ગૌરવ ભાજપાને છે, ગરીબ માણસને જેનેરીક દવાઓ સસ્તા ભાવે મળે તેનું ભાજપાને ગૌરવ છે, સર્જીકલ સ્ટ્રાઇક, અટલ પેન્શન યોજના, મા અમૃતમ્ યોજના, મા વાત્સલ્ય યોજના, આ બધી પ્રજાકલ્યાણલક્ષી યોજનાઓ ભાજપાની દેન છે તેનું ભાજપાને ગૌરવ છે. સમગ્ર વિશ્વમાં જે રીતે લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને વિકાસપુરૂષ તરીકે મીટ માંડીને જોઇ રહ્યા છે ત્યારે શ્રી નરેન્દ્રભાઇ મોદીના અથાગ પરિશ્રમથી અને રાષ્ટ્રવાદી વિચારોથી ભારત દેશને એક માનબિન્દુ સુધી પ્રસ્થાપિત કરવાનું ભગીરથ કામ થયુ છે તેના માટે દેશની સવાસો કરોડની જનતાને ગૌરવ છે. જનતા જનાર્દનની સેવા એ ભાજપાની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે.

...૨...

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



વિકાસના કામ માટે દેશના કોઇ એક રાજ્યના મુખ્યમંત્રી ઉપવાસ પર ઉતર્યા હોય તેવા એકમાત્ર મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી હતા. કોંગ્રેસ પાર્ટી સિવાય સમગ્ર સમાજ શ્રી નરેન્દ્રભાઇના સેવાયજ્ઞમાં જોડાયો હતો. કોંગ્રેસના શાસનમાં ચૂંટાયેલા કોંગ્રેસી પ્રતિનિધિઓએ ક્યારેય ગુજરાતની વેદનાને વાચા આપી નથી. શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારે ડેમના દરવાજા બંધ કરવાની મંજુરી આપી ત્યારે સંસદના છેલ્લા સત્રમાં કોંગ્રેસી નેતા શ્રી દિગ્વિજયસિંહ આ મંજુરી રોકવા અને ગુજરાતના વિકાસરૂપી હવનમાં હાડકાં નાખવાનું હીનકામ જે કોંગ્રેસે કર્યુ છે તેનો જવાબ કોંગ્રેસ ગુજરાતની ૬.૫ કરોડ જનતાને આપે.

શ્રી રૂપાલાજીએ આકરા પ્રહારો કરતાં વધુમાં જણાવ્યુ હતુ કે, જે લોકો વિનાશરૂપી અંધકારમાં ૬૦ વર્ષ સુધી રાજ કર્યુ હોય તેવી કોંગ્રેસ વિકાસરૂપી સૂરજ વિશેના સત્યને હંમેશા નકારશે અને અંતમાં શ્રી રૂપાલાજીએ જણાવ્યું હતુ કે, વિકાસરૂપી રથ પુરઝડપે જઇ રહ્યો છે ત્યારે, રસ્તામાં આવતા કોંગ્રેસરૂપી બમ્પને ઉખેડી નાખવાની પ્રજાને હાકલ કરી હતી અને વિકાસવિરોધી કોંગ્રેસને ભોંયભેગી કરવા આહવાન્ કર્યુ હતું.

**ગુજરાત ગૌરવ યાત્રાની સાથે સાથે... પ્રવચનના અંશો.**

- ગુજરાત ગૌરવ યાત્રાના રથને ગુજરાતની પ્રજા આંખોમાં પ્રેમ સાથે વધાવે છે.
- ૨૪ કલાક વીજળી આપવાનું ભાજપાને ગૌરવ છે માટે ગૌરવ યાત્રા લઇને નીકળ્યા છીએ.
- બીજા રાજ્યોમાં જ્યારે મને ગુજરાતના વિકાસ અંગે પ્રશ્નો પુછાય છે ત્યારે, તેનો જવાબ હું એક જ વાક્યમાં આપુ છું ''અમારે ત્યા જતી નથી અને તમારે ત્યાં આવતી નથી - વીજળી''
- નર્મદા એ ગુજરાત રાજ્યના વિકાસની ''લાઇફ લાઇન'' છે.
- ગુજરાતમાં પાણી માટે નર્મદા યોજના જેવું નેટવર્ક, વિશ્વમાં ક્યાંય નથી.
- અમેરિકાના રાષ્ટ્રપતિ એમની ચૂંટણીસભામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનો ઉલ્લેખ કરે, તેનું ગૌરવ છે.
- ગુજરાતનીકોંગ્રેસ વિકાસ વિરોધી છે.
- ગુજરાતની કોંગ્રેસ પ્રગતિ વિરોધી છે.
- ગુજરાતની કોંગ્રેસ નર્મદા વિરોધી છે.
- 'વંદે માતરમ્', 'ભારત માતાકી જય'ના નારાથી યાત્રાનું ઠેર-ઠેર સ્વાગત
- ૧૫૦ કમળના હારથી સ્વાગત
- જય જય ગરવી ગુજરાતનો નારો ગુંજ્યો.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનરશ્રી–મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા.૬.૧૦.૨૦૧૭

**વંદે માતરમ્, ભારત માતાકી જય, ગુજરાત, સરદાર પટેલ, શ્રી નરેન્દ્ર મોદી અને વિકાસનો કૉંગ્રેસને વિરોધ છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------------

**પ્રજાનું હિત, કલ્યાણ, વિકાસ એ જ એકમાત્ર ભાજપાનું ધ્યેય છે જ્યારે ગાંધી પરિવારને પોતાનું, પોતાના કુટુંબનું, અને પાર્ટીના વિકાસમાં જ રસ છે. તેમને જનતાની સુખાકારી સાથે કાંઇ લેવાદેવા નથી. - શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------------

**જેનું પોતાનું વિસર્જન થઈ રહ્યું છે તેઓ નવસર્જન કરવાં નીકળ્યા છે - મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા**

-------------------

**ગુજરાતની મશ્કરી કરનારા, ગુજરાતનો વિરોધ કરનારાઓને પ્રજા માફ નહી કરે.**
**ગુજરાતની અસ્મિતા ખંડિત થાય તેવા પ્રયત્નો કરે તે કોઈ પણ સંજોગોમાં ચલાવી લેવાય નહીં - શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા**

-------------------

**ઠેર-ઠેર ભવ્યાતિભવ્ય સ્વાગત સન્માન, યાત્રાને આવકારવા લોકોમાં જબરદસ્ત ઉત્સાહ અને થનગનાટ.**

-------------------

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે, ૨જી ઓક્ટોબરે પોરબંદરથી નીકળેલી ગુજરાત ગૌરવ યાત્રાનું ઠેર-ઠેર ભવ્ય સ્વાગત-સન્માન થઇ રહ્યું છે. પોરબંદર થી કુતિયાણા, ઉપલેટા, જેતપુર, ગોંડલ, જસદણ, બાબરા, અમરેલી, સાવરકુંડલા, ધારી, વિસાવદર, જુનાગઢ, માણાવદર, કેશોદ, માંગરોળ, વેરાવળ, તાલાલા, કોડીનાર, ઉના, રાજુલા, મહુવા, તળાજા, પાલીતાણા, ભાવનગર ગ્રામ્ય વિધાનસભા બાદ આજરોજ ગઢડા વિધાનસભાના વલ્લભીપુર ખાતે પહોચેલી ગુજરાત ગૌરવ યાત્રાના સ્વાગતમાં આખું વલ્લભીપુર શણગારવામાં આવ્યું હતું. આખા શહેરમાં રોડની બંને બાજુ કેસરી સાડી તથા પટ્ટાના પગલે સમગ્ર વાતાવરણ કેસરીમય બન્યું હતું. યુવાનો પણ ખૂબ મોટી સંખ્યામાં બાઈક રેલી સાથે ગુજરાત ગૌરવ યાત્રાને આવકારવા માટે ઉમટી પડ્યા હતા.

વલ્લભીપુર, બરવાળા અને બોટાદ ખાતે ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધન કરતાં પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું કે, કૉંગ્રેસને પાકિસ્તાન સામે વાંધો નથી આતંકવાદ સામે વાંધો નથી પરંતુ કૉંગ્રેસને વંદે માતરમ, ભારત માતા કી જય, સરદાર પટેલ, નરેન્દ્ર મોદી, ગુજરાત અને ગુજરાતના વિકાસ સામે વાંધો છે આવી દેશ વિરોધી કોંગ્રેસ ને ગુજરાત અને દેશની જનતા સારી રીતે ઓળખી ગઈ છે. કોંગ્રેસને વિકાસમાં નહી વિનાશમાં જ રસ છે. જ્યાં જ્યાં કોંગ્રેસ હતી, ત્યાં ત્યાં કોંગ્રેસે વિનાશની રાજનીતિ કરી છે.

પ્રજાનું હિત, કલ્યાણ, વિકાસ એ જ એકમાત્ર ભાજપાનું ધ્યેય છે જ્યારે ગાંધી પરિવારને પોતાનું, પોતાના કુટુંબનું, અને પાર્ટીના વિકાસમાં જ રસ છે. તેમને જનતાની સુખાકારી સાથે કાંઇ લેવાદેવા નથી તેમ શ્રી વાઘાણીએ જણાવ્યું હતું.

બોટાદ ખાતેની જાહેરસભામાં ખાસ ઉપસ્થિત કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાએ કૉંગ્રેસના નવસર્જન ગુજરાતની આકરાં શબ્દોમાં ઝાટકણી કાઢતાં જણાવ્યું કે જેનું પોતાનું વિસર્જન થઈ ગયું છે અને થઈ રહ્યું છે. તે લોકો ગુજરાતનું નવસર્જન કરવા નીકળ્યા છે. જે કોંગ્રેસ પાર્ટી ઉપર તેના કાર્યકર્તાને ભરોસો નથી તેના પર ગુજરાતની જનતા કઈ રીતે ભરોસો મૂકે ?? અને જો કોંગ્રેસે નવસર્જન કરવું હતું. ગુજરાતનો વિકાસ કરવો હતો તો તેમણે ૫૦-૫૦ વર્ષ સુધી રાજ કર્યું ત્યારે કોણ તેમને રોકતું હતું ? કોંગ્રેસ વિકાસ નહી વિનાશ કરનારી પાર્ટી છે. કોંગ્રેસના શાસનમાં ગુજરાત વિકાસ વિહીન, પીડિત ગુજરાત હતું. આ વિસ્તારમાં પાણીની સખત તંગી હોવાં છતાંય કૉંગ્રેસે ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાનો વિરોધ કરીને આ વિસ્તારની જનતાને સિંચાઇ અને પીવાના પાણી થી વર્ષો સુધી વંચિત રાખવાનું પાપ કર્યું હતું. ગુજરાત વિરોધી, વિકાસ વિરોધી કોંગ્રેસને ગુજરાતની જનતા ક્યારેય માફ કરશે નહી. કૉંગ્રેસના પાપે આ વિસ્તારના યુવાનોએ સુરત સુધી કામ ધંધા માટે જવું પડ્યું હતું

વલભીપુર ખાતે આયોજિત વિશાળ જનમેદનીને સંબોધન કરતાં રાજ્ય સરકારના મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમાએ જણાવ્યું કે ગુજરાત એટલે દુષ્કાળ, કરફ્યુ, તેવી ઓળખ હતી. જાતિ-જ્ઞાતિ આધારિત રાજકારણ હતું. પરંતુ આજે ગુજરાત એટલે વિકાસ તેવી ઓળખ બની ગઈ છે. વિકાસ અને ગુજરાત બંને એકબીજાના પર્યાય બની ગયા છે. જ્ઞાતિ જાતિ ના બદલે નરેન્દ્રભાઈએ વિકાસના નામે રાજનીતિને નવી દિશા આપી છે. ગુજરાતના વિકાસની ચર્ચા દેશ અને દુનિયામાં ચાલે છે. જેના પગલે કોંગ્રેસિયાઓના પેટમા તેલ રેડાયું છે. કોંગ્રેસ ભાજપાનો વિરોધ કરે, નરેન્દ્ર મોદી નો વિરોધ કરે તેનો વાંધો નથી પરંતુ ભાન ભૂલેલી કોંગ્રેસ ગુજરાતનો વિરોધ કરે, ગુજરાતના વિકાસનો વિરોધ કરે, ગુજરાતની અસ્મિતા ખંડિત થાય તેવા પ્રયત્નો કરે તે કોઈ પણ સંજોગોમાં ચલાવી લેવાય નહી. ગુજરાતની અસ્મિતાને હણવાનો પ્રયત્ન કરનારને ગુજરાતની જનતા ક્યારેય માફ કરશે નહીં.

આગામી ૨૦૧૭ની ચૂંટણીમાં ગુજરાતની જનતા ગુજરાત વિરોધીઓને શોધી શોધીને હરાવશે. વર્ષ ૨૦૦૨માં પણ કૉંગ્રેસે સત્તા માટે થઈને ગુજરાતને બદનામ કરવાનું પાપ કર્યું હતું ત્યારે ગુજરાતના ગૌરવ માટે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતની અસ્મિતા બચાવવા માટે ગુજરાત ગૌરવ યાત્રા લઈને નીકળ્યા હતા. ૨૦૦૨માં પણ ગુજરાતની જનતાએ કૉંગ્રેસને તેના કર્મો ની સજા આપી દીધી હતી તેમ છતાંય આજ દિન સુધી આ કોંગ્રેસીયાઓ સુધર્યા નથી. પાંચ વર્ષમાં ક્યારેય નહી દેખાતા આ કોંગ્રેસીયા ચૂંટણી ટાણે ગુજરાતને બદનામ કરવા માટે નીકળી પડે છે. ગુજરાતની જનતા હંમેશા વિકાસ સાથે રહી છે અને રહેશે તેમ અંતમાં ભુપેન્દ્રસિંહજીએ જણાવ્યું હતું.

એ.પી.એમ.સી. માર્કેટ અને કોલેજ માટે જગ્યા ની ફાળવણી કરવાં બદલ વલ્લભીપુરના નાગરિકોએ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમાનું વિશેષ સ્વાગત સન્માન કર્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનરશ્રી–મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા.૬.૧૦.૨૦૧૭

**કેન્દ્રીય મંત્રીશ્રીઓ સર્વશ્રી શ્રી રાજનાથસિંહ, શ્રીમતી સુષ્મા સ્વરાજ, શ્રીમતી સ્મૃતિ ઇરાની, શ્રી પિયુષ ગોયેલ, શ્રી પ્રકાશ જાવડેકર, શ્રી જે.પી.નડ્ડા, શ્રી ગીરીરાજ સિંહ, મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથ, મુખ્યમંત્રીશ્રી વસુંધરા રાજે સહિત ૧૫ થી વધારે કેન્દ્રીય નેતાઓ ગુજરાત ગૌરવ યાત્રા સહિત પ્રદેશ ભાજપાના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.**

-------------------

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ જણાવ્યું હતુ કે, તારીખ ૧ ઓક્ટોબરથી શરૂ થયેલી ગુજરાત પ્રદેશ ભાજપા દ્દ્રવારા આયોજીત ગુજરાત ગૌરવ યાત્રા સૌરાષ્ટ્ર – દક્ષિણ ઝોન અને મધ્ય – ઉત્તર ઝોનના ગામ અને નગરોમાં પ્રજાનું અભિવાદન ઝીલી રહી છે.

શ્રી પંડ્યાએ કેન્દ્રીય મંત્રીશ્રીઓ, વિવિધ રાજ્યના મુખ્યમંત્રીશ્રીઓ, તથા કેન્દ્રીય સંગઠનના પદાધિકારીશ્રીઓના ગુજરાત ગૌરવ યાત્રાના પ્રવાસ તેમજ પ્રદેશ ભાજપાના વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિતિ અંગે જણાવ્યું હતુ કે, સર્વશ્રી શ્રી રાજનાથસિંહજી અને શ્રીમતી સુષ્મા સ્વરાજ તારીખ ૧૪ ઓક્ટોબર દરમ્યાન, જ્યારે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથ તારીખ ૧૩-૧૪ ઓક્ટોબરે, રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રી ૧૨ ઓક્ટોબરના રોજ, શ્રી જે.પી.નડ્ડાજી, શ્રી રાજેન ગોહેલ, શ્રી મહેન્દ્ર શર્મા તારીખ ૭ ઓક્ટોબરે શ્રી પ્રકાશ જાવડેકર, શ્રી ગીરીરાજ સિંહ, શ્રી ઓમપ્રકાર ધનકર તારીખ ૯ ઓક્ટોબરે, શ્રી પિયુષ ગોયેલ ૧૦ ઓક્ટોબરે, શ્રીમતી સ્મૃતિ ઇરાની, શ્રી મનોજ તિવારી અને શ્રી જુએલ ઓરામ તારીખ ૧૧ ઓક્ટોબરે, શ્રી હંસરાજ આહિર, શ્રી અનુરાગ ઠાકુર ૧૩ ઓક્ટોબરે ઉપસ્થિત રહેશે.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનરશ્રી–મીડિયા સેલ